**પાન નં. ૪**

**<u>આરોપી તર્ફે ફરીયાદીની આંક–જની સરતપાસ લગત ઉલટ તપાસ વિ.વ.શ્રી એ.એન.કુરેશી સોગંધ આપ્યા</u>**

હુ ધોરણ ૧૦ સુધી ભણેલ છુ. હુ સને ૨૦૨૦થી મોબાઈલનો ધંધો કરુ છુ. મારી દુકાન ગોવીદ નગરખાતે આવેલ છે. એ વાત ખરી છે કે, મારી દુકાનમા સીસીટીવી કેમેરા લાગેલા છે. એ વાત ખરી છે કે, મારા ઘરની બહાર સીસીટીવી લાગેલા છે. એ વાત ખરી છે કે, અમારા ધંધાના માલની તમામ વીગતોની નોધ કરીએ છીએ. એ વાત ખરી છે કે, કોની પાસેથી માલ લીધો અને વેચ્યો તેની પણ નોધ કરીએ છીએ. હાલ હુ આ દુકાન ચલાવતો નથી. એ વાત ખરી છે કે, સને ૨૦૨૩ની સાલમા આ વ્યવહાર અંગે આરોપી અને ફરીયાદી વચ્ચે એગ્રીમેન્ટ થયેલ છે. એ વાત ખરી છે કે, મે આ કામે આવુ એગ્રીમેન્ટ રજુ કરેલ નથી. આ એગ્રીમેન્ટ જો મને મળી જાય તો હુ કોર્ટમા રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, આ ચેક નંબર તથા વ્યવહાર બાબતનો ઉલ્લેખ તે અગ્રીમેન્ટમા કરેલ છે. આ એગ્રીમેન્ટ સને ૨૦૨૩ની સાલમા કયા મહીનામા થયેલ તે મને ખબર નથી. આ એગ્રીમેન્ટ ઉપર નોટરી થયેલ છે કે કેમ તેની મને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કદાચ નોટરી થયેલ હશે. એ વાત ખરી છે કે, આ એગ્રીમેન્ટની અસલ મારી પાસે છે. એ વાતની મને ખબર નથી કે આ એગ્રીમેન્ટની નકલ આરોપીને આપેલ કે કેમ. એ વાત ખરી છે કે, હાલના કેસની કહેવાતી રકમ મારી માટે મોટી રકમ છે. એ વાત ખરી છે કે, આટલી મોટી રકમનુ એગ્રીમેન્ટ હોય તો સામાન્ય રીતે કોઈ પણ માણસ એગ્રીમેન્ટ સાચવીને રાખે. એ વાત ખરી છે કે મોબાઈલના બીલમા આઈએમઈઆઈ નંબર લખવો ફરીજીયાત છે. એ વાત ખરી છે કે, મોબાઈલની અસલ ઓળખાણ  આઈએમઈઆઈ નંબર ઉપરથી થાય છે. એ વાત ખરી છે કે, મારી નોટીશ ફરીયાદ સરતપાસ તથા બીલમા આ આઈએમઈઆઈ નંબર દર્શાવેલ નથી. હુ ઈન્કમટેકસ રીર્ટન ભરુ છુ. મે આ વ્યવહાર બાબતની

કોઈ નોધ ઈન્કમટેકસ રીર્ટનમા દર્શાવેલ નથી.

એ વાત ખરી છે કે, એગ્રીમેન્ટ થયેલ તે સમયે મે આરોપી પાસેથી તકરારી ચેક સીવાય બીજા બે ચેક લીધા હતા જેમા એક ચેક બેન્ક ઓફ ઈન્ડીયા તથા બીજો ચેક યુનીયન બેન્કનો હતો. રએ વાત ખરી છે કે, તે સમયે મે આ ચેક સીકયોરીટી પેટે લીધેલા. એ વાત ખરી નથી કે, તે સમયે તારીખ,વાર રકમ વગરના ચેક લીધેલા. એ વાત ખરી છે કે, આરોપીએ હાલનો તકરારી ચેક તા. ૧૨/૬/૨૪ના રોજનો લખીને આપેલો. હુ આઈએમઈઆઈ નંબરવાળા મોબાઈલ બીલો રજુ કરી શકુ તેમ નથી કારણકે કંપનીનુ પોતાનુ સોફટવેર હોય અને હાલ મે ધંધો બંધ કરી દીધેલ હોય આવા બીલો મળી શકે તેમ નથી. એ વાત ખરી છે કે દુકાનવાળાને આઈએમઈઆઈ નંબર સાથેનુ બીલ કંપની તરફથી મળતુ હોય છે. આવુ બીલ મને મળી જશે તો હુ રજુ કરવા તૈયાર છુ.

આ તબકકે આરોપી તર્ફે મુદત રીપોર્ટ આવતા જે મંજુર ઉલટ તપાસ મુલત્વી.

તા. ૨૮/૮/૨૦૨૫ મારી રૂબરૂ
દાહોદ
સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ એન્ડ
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ
દાહોદ

પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ એન્ડ
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ
દાહોદ